Seat No. : _______________

# AC-132

**April-2019**

**M.A., Sem.-II**

**411-EA : Gujarati**

**(સાહિત્ય અને તત્ત્વજ્ઞાન)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (અ) સાહિત્ય અને તત્ત્વજ્ઞાન વચ્ચેના પારસ્પરિક સંબંધો વિશે નોંધ તૈયાર કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(1) તત્ત્વજ્ઞાને સાહિત્યમીમાંસાને પૂરાં પાડેલાં નિદર્શનો

(2) તત્ત્વજ્ઞાનની ભારતીય પરંપરા

(બ) કોઈપણ **ચાર** પ્રશ્નોના જવાબ લખો : **4**

(1) તત્ત્વજ્ઞાન તર્કની ભૂમિકા છોડી ન શકે જ્યારે સાહિત્ય અને તર્કનો સંબંધ અવિચ્છેદય નથી – વિધાન ખરું કે ખોટું ?

(2) પ્રત્યભિજ્ઞાદર્શનના ભારતીય પ્રવર્તકનું નામ જણાવો.

(3) સાહિત્યનું સત્ય કલ્પનામંડિત હોવાને કારણે ક્ષણજીવી હોય છે. – વિધાન ખરું કે ખોટું ?

(4) 'દર્શન' સંજ્ઞાની સમજૂતી ટૂંકમાં રજૂ કરો.

(5) અખાનું તત્ત્વજ્ઞાન કઈ વેદાંતી પરંપરાનું અનુસંધાન છે ?

(6) કવિ દયારામનું સાહિત્ય કયા સિદ્ધાંતની માંડણી કરે છે ?

2. (અ) રા.વિ. પાઠકના વિવેચનની દાર્શનિક ભૂમિકા સ્પષ્ટ કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (બંને)

(1) સુરેશ જોષીના વિવેચન વિચારમાં પાશ્ચાત્ય દર્શન

(2) 'કાવ્યની શક્તિ'માં રા.વિ. પાઠકનું દર્શન

(બ) કોઈપણ **ચાર** પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : **4**

(1) સુરેશ જોષીના પ્રથમ વિવેચનસંગ્રહનું શીર્ષક જણાવો.

(2) 'અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય' વિવેચન સંગ્રહના લેખકનું નામ જણાવો.

(3) ગુજરાતીમાં આધુનિકતાવાદી આંદોલનના પ્રવર્તકનું નામ જણાવો.

(4) 'ગુજરાતી પિંગલ નવી દૃષ્ટિએ' ગ્રંથના લેખકનું નામ જણાવો.

(5) 'લીલા એટલે અહેતુક નિર્માણની પ્રવૃત્તિ' – કળા વિશેનું આ મંતવ્ય કયા ગુજરાતી વિવેચકનું છે ?

(6) 'અર્વાચીન કાવ્યસાહિત્યના વહેણો' ગ્રંથના લેખકનું નામ જણાવો.

3. (અ) 'ચિત્તવિચાર સંવાદ'માં અખાની અદ્વૈતવાદી વિચારધારા વિશે નોંધ તૈયાર કરો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (**બંને**)

(1) 'રસિકવલ્લભ' શીર્ષકની યોગ્યાયોગ્યતા

(2) 'રસિકવલ્લભ'માં દયારામનો તત્ત્વવિચાર

(બ) નીચેના કોઈપણ **ત્રણ** પ્રશ્નોના જવાબ લખો : **3**

(1) 'રસિકવલ્લભ' કોના પ્રશ્નોત્તર રૂપે લખાયું છે ?

(2) નીચેના પૈકી અખાની કઈ કૃતિ હિન્દી ભાષામાં લખાયેલી છે ?
(અખેગીતા, સંતપ્રિયા, અનુભવબિંદુ)

(3) 'ચિત્તવિચારસંવાદ'માં પિતાની ભૂમિકામાં કોણ છે ?

(4) 'રસિકવલ્લભ'ની પદસંખ્યા જણાવો.

(5) 'ચિત્તવિચારસંવાદ' કુલ કેટલી કડીઓમાં લખાયું છે ?

4. (અ) સાહિત્યમાં 'એબ્સર્ડ'ની ભૂમિકા સદૃષ્ટાંત ચર્ચો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (**બંને**)

(1) અસ્તિત્વવાદ અને સાહિત્ય

(2) સાહિત્યમાં પ્રતીકની ભૂમિકા

(બ) કોઈપણ **ત્રણ** પ્રશ્નોના જવાબ લખો : **3**

(1) રઘુવીર ચૌધરી કૃત 'અમૃતા' નવલકથા કઈ વિચારધારાનું નિદર્શન છે ?

(2) 'કલ્પન'નો અંગ્રેજી પર્યાય જણાવો.

(3) ઓગણીસમી સદીમાં ફ્રેન્ચ પ્રતીકવાદી કવિ તરીકે કોણ પ્રતિષ્ઠા પામ્યું હતું ?

(4) એઝરા પાઉન્ડનો કળાવિચાર કયા નામે પ્રસિદ્ધ થયો છે ?

(5) 'ધ આઉટસાઈડર' નવલકથા કઈ વિચારધારાનું પ્રતિપાદન કરે છે ?

---

Seat No. : _______________

# AC-132

**April-2019**

**M.A., Sem.-II**

**411-EB : Gujarati**

(ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વ)

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (અ) માધ્યમની વિભાવના સમજાવી, એનાં લક્ષણો જણાવો. **14**

**અથવા**

નોંધ લખો : (બંને)

(1) પત્રકારત્વનું કાર્યક્ષેત્ર

(2) સાહિત્ય અને પત્રકારત્વ વચ્ચેનો સામ્ય-ભેદ

(બ) કોઈપણ **ચાર**ના ટૂંકમાં જવાબ આપો : **4**

(1) નીચેનામાંથી કયું સમૂહ માધ્યમ છે ?

(a) વર્તમાનપત્ર

(b) રામલીલા

(c) લોકમેળા

(2) 'ગુજરાત મિત્ર' સૌથી પહેલા શરૂ થયેલું ગુજરાતી અખબાર છે. – વાક્ય સાચું કે ખોટું ?

(3) 'પત્રકાર સમાજનો ફોટોગ્રાફર છે, સાહિત્યકાર સમાજનો ચિત્રકાર છે' — વિધાન કોનું છે ?

(4) પત્રકારત્વ માટે અંગ્રેજીમાં કયો શબ્દ છે ?

(5) 'બુદ્ધિપ્રકાશ' સુધારકયુગથી આજ સુધી પ્રકાશિત થતું ગુજરાતી સામયિક છે. – વાક્ય સાચું છે કે ખોટું ? જણાવો.

(6) સામયિકો લોકમાધ્યમમાં ગણી શકાય – વાક્ય સાચું છે કે ખોટું ? જણાવો.

2. (અ) સુધારકયુગના સાહિત્યિક પત્રકારત્વનો નિદર્શનો સાથે પરિચય આપો. **14**

**અથવા**

નોંધ લખો : (બંને)

(1) જ્ઞાનસુધા

(2) વસંત

(બ) કોઈપણ **ચાર**ના ટૂંકમાં જવાબ આપો : **4**

(1) ‘બુદ્ધિપ્રકાશ’ સામયિકના સંપાદક-તંત્રીનું નામ જણાવો.

(2) “ ‘ગુજરાતી’ પંડિતયુગનું સામયિક છે. ” વિધાન સાચું કે ખોટું ?

(3) ‘વસંત’ કયા યુગનું સામયિક છે ?

(4) ‘ગુજરાત શાળાપત્ર’ કયા યુગનું સામયિક છે ?

(5) ‘સુદર્શન’ સામયિકના તંત્રી સંપાદકનું નામ જણાવો.

(6) ‘દાંડિયો’ સામયિકના તંત્રી સંપાદકનું નામ જણાવો.

3. (અ) ગાંધીયુગના સાહિત્યિક સામયિકોનો પરિચય કરાવો. **14**

**અથવા**

નોંધ લખો : (બંને)

(1) કુમાર

(2) પ્રસ્થાન

(બ) કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **3**

(1) ‘કુમાર’ સામયિકના હાલના તંત્રીનું નામ જણાવો.

(2) ‘સંસ્કૃતિ’ કયા સમયનું યુગનું સામયિક છે ?

(3) ઉમાશંકર જોશી ‘પ્રસ્થાન’ સામયિકના તંત્રી હતા - વાક્ય સાચું કે ખોટું જણાવો.

(4) ‘પ્રસ્થાન’ સામયિકના તંત્રીનું નામ જણાવો.

(5) ‘દાંડિયો’ ગાંધીયુગનું સામયિક નથી - વાક્ય સાચું છે કે ખોટું જણાવો.

4. (અ) આધુનિક સાહિત્યિક પત્રકારત્વની વિશેષતાઓનો પરિચય કરાવો. **14**

**અથવા**

નોંધ લખો : (બંને)

(1) પ્રત્યક્ષ અને પરખ

(2) શબ્દસૃષ્ટિ અને એતદ

(બ) કોઈપણ ત્રણના જવાબ આપો : **3**

(1) ‘પરખ’ના તંત્રીનું નામ જણાવો.

(2) ‘શબ્દસૃષ્ટિ’ સામયિક કઈ સંસ્થા પ્રકાશિત કરે છે ?

(3) રમણ સોની કયા સામયિકના સંપાદક હતા ?

(4) ફાર્બસ ગુજરાતી ત્રૈમાસિક કયા યુગનું છે ?

(5) ‘ગદ્યપર્વ’ સામયિકના તંત્રીનું નામ જણાવો.

---